

**ડીસા ખાતે વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય રેલીનું આયોજન**
ડીસા ખાતે શ્રી આદિવાસી ભીલ સમાજ એકતા સંગઠન બનાસકાંઠા દ્વારા વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી તા. ૯ ઓગસ્ટના દિવસે ડબ્લ્યુ હાઈસ્કુલે થી જનજાગૃતિ મહારેલી તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીસા શહેરમાં મોટી સંખ્યામાં આદિવાસી ભીલ સમાજના આગેવાન ભાઈઓ તેમજ બહેનો મોટી સંખ્યામાં હાજર રહી શહેરના મુખ્ય માર્ગો પર જનજાગૃતિ મહારેલી નીકળી હતી.

# પાલનપુરના બેચરપુરા વિસ્તારમાં ભર ચોમાસે પીવાના પાણીની પોકારો ઉઠી

## પાણીની સમસ્યાનો ઉકેલ ન આવતા મહિલાઓએ માટલા ફોડી નગર સેવકોનો વિરોધ નોંધાવ્યો

પાલનપુર તા.૯

પાલનપુરમા ભર ચોમાસે શહેરના અનેક વિસ્તારોમાં પીવાના પાણી પરાયણ સર્જાય છે. જેને લઈને લોકોને પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે. જેમાં શહેરનાં બેચરપુરા વિસ્તારમાં છેલ્લા છ મહિનાથી પાણી આવતું ના હોવાથી લોકોને પાણી માટે ભટકવાની નોબત આવી છે ત્યારે પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા સ્થાનિક નગર સેવકો નિષ્ફળ રહેતા સ્થાનિક મહિલાઓએ માટલા ફોડી નગરપાલિકા વિરુદ્ધ નારા લગાવી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર શહેરમાં બેચરપુરામા કૈલાશ મંદિર આગળના વિસ્તારમાં છેલ્લા છ મહિનાથી સમસ્યા સર્જાઈ છે. જોકે પીવા તેમજ ઘર વપરાશનું પાણી ન મળતા લોકોને પાણી માટે ભટકવાની ફરજ પડી રહી છે. જોકે પાણીની સમસ્યાનો નિકાલ કરવા સ્થાનિક નગર સેવકો તેમજ પાલીકામાં રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલના આવતા નગરપાલિકાની નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં રોષ ભભુકી ઉઠયો છે.

નગરપાલિકા દ્વારા આ વિસ્તારમાં પીવાનું પાણી પૂરું પાડવામાં ના આવતા લોકોને રૂપિયા ખર્ચી ટેક્રરો લાવવાની નોબત આવી છે. તેમ છતાં પાલીકા તંત્ર દ્વારા પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા કોઈ જ કાર્યવાહી કરવામાં ના આવતા સ્થાનિકોએ ઘર વપરાશ માટે હાલ ચોમાસાની સીઝનમાં વરસાદના પાણીનો ટાંકામાં સંગ્રહ કરી તેનો વપરાશ કરવાની ફરજ પડી રહી છે જોકે છ છ મહિલા થી પાણીની વિકટ સમસ્યા વેઠી રહેલી મહિલાઓએ ગુરુવારે સવારે સ્થાનિક નગર સેવકો તેમજ પાલિકા વિરુદ્ધ માટલા ફોડી તેમજ નારા લગાવી ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

**ટેક્ષ વસૂલતી પાલીકા પાણી આપવામાં નિષ્ફળ નીવડી**

બેચારપુરાના સ્થાનિકોએ જણાવ્યું હતું કે પાલીકા દ્વારા તેમની પાસે થી નિયમિત પાણી વેરો, ઘરવેરો,સફાઈ વેરો સહિતનાં ટેક્ષની વસૂલાત કરવામાં આવે છે. તેની સામે અમને પીવાની પાણી પણ પૂરું પાડવામાં આવતું નથી જેને લઈ ભરે ચોમાસે અમારે પીવાના પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે ત્યારે પાલીકા દ્વારા અમારી પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા આવે તેવી માંગ કરાઈ હતી.

**ગણેશપુરા આંબાવાડી વિસ્તારમાં પણ પાણીની પરાયણ**

પાલનપુર શહેરના ગણેશપુરા આંબાવાડી વિસ્તારમા પણ દલિત સમાજની શેરીમાં છેલ્લા દોઢેક વર્ષ થી પાણી આવતું નથી . જેને લઈ અહી વસતા પંદરેક પરિવારોને પાણી માટે ટેક્રર મંગાવવા ની તેમજ આજુબાજુમાં વિસ્તારોમાં રઝળપાટ કરવાની ફરજ પડી રહી છે જોકે પાણીની સમસ્યા અંગે પાલિકામાં અનેકવાર રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# પતિ પત્ની અને બે બાળકો તરછોડી પ્રેમિકાના બાહુપોશમાં જતા : પરિવારજનો વચ્ચે અટવાતી મહિલાને ૧૮૧એ આત્મહત્યા કરતા અટકાવી




મોડાસા, તા. ૯

પતિ-પત્ની ઔર વોના અનેક કિસ્સાઓને લીધે હર્યોભર્યો સંસારમાં પલીતો ચંપાતો હોય છે જેમાં મુખ્યત્વે મહિલાને સહન કરવાનો વારો આવતો હોય છે લગ્ન પછીના આડા સંબંધોના કારણે અનેક પરિવારો ઉજડી જતા હોય છે મોડાસા શહેરમાં એક પતિ પત્ની અને તેના બે બાળકોને ત્યજી છેલ્લા ૫ વર્ષથી પ્રેમિકાના સાથે ફરાર થઈ જતા મહિલા તેના બે બાળકો સાથે સાસરી અને પિયરમાં અથડાતી રહી સબંધીઓના મહેણાં ટોણા થી જીંદગીથી હારી થાકી જીવન ટૂંકાવવા રાત્રે ઘરેથી નીકળી પડી હતી આત્મહત્યા કરે તે પહેલા એક ચાની કીટલી વાળાની નજર મહિલા પર પડતા ૧૮૧ અભયમનો સંપર્ક કરતા તાબડતોડ ૧૮૧ અભયમ ટીમ સ્થળ પર પહોંચી મહિલાનું કાઉન્સલીંગ કરી આત્મહત્યા કરતા અટકાવી હિંમત પુરી પાડી હતી. મોડાસા શહેરમાં પરોઢિયે ચાર વાગે એક ટી સ્ટોલના માલિકે એક મહિલાને રોડ પર સતત રડતી હાલતમાં અને હાથમાં દવાની બોટલ હોવાનું જણાઈ આવતા ૧૮૧ અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કરતા કાઉન્સિલર ચેતના ચૌધરી તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ને મહિલાને સાંત્વના આપી અને જિંદગીમાં આવેલ મુશ્કેલીનું નિરાકરણ આત્મહત્યા નથી તેવી સમજણ આપતા પીડીતા રડતા રડતા તેની આપવીતી જણાવેલ કે, તેને બે બાળકો છે અને તેનો પતિ પાંચ વર્ષથી બીજી સ્ત્રી જોડે ભાગી ગયેલ છે તો તે થોડોક ટાઈમ પિયરમાં તો થોડોક ટાઈમ સાસરીમાં રહે છે પણ બંને બાજુ લોકોના મહેણા ટોણા સાંભળીને જિંદગીથી કંટાળી ગઈ છે ક્યાંય બહાર જાય તો પણ લોકો ક્યાં ગઈ હતી?? કેમ ગઈ હતી? કોની જોડે ગઈ હતી? જેવા પ્રશ્નોથી જીવવાનું હરામ કર દે અને ઘરની બહાર પગ મૂકે કે તરત જ ખરાબ નજરથી જ જોતા હતા.આવી જિંદગીથી કંટાળીને રાત્રે ઘરે બધા સૂઈ ગયા એટલે કોઈને કહ્યા વગર ઘર છોડીને આત્મહત્યા કરવા માટે નીકળી ગઈ હતી બાળકોનો વિચાર કરીને બેઠા બેઠા ખૂબ જ રડતી હતી પરંતુ હવે જીવવું જ નથી તેવું નક્કી કરી લીધું હતુંપ

અભયમ ટીમ દ્વારા પીડિત મહિલાને કાઉન્સિલિંગ કરી સમજાવેલ કે મરી જવું એ કોઈ પણ પ્રશ્નનું સોલ્યુશન નથી અને બાળકો માટે માં શું છે અને મા ની અંદર રહેલી શક્તિઓનો મહિલાને અહેસાસ કરાવી હિંમત રાખવા માટે સમજાવી અને તેને તેના ઘરે પરત મૂકી તેમજ તેના પિયર વાળા ને સમજાવેલ કે મહિલાની ઉંમર હજુ નાની છે તો બીજું કોઈ સારું પાત્ર શોધી ને બીજા લગ્ન કરાવે કેમકે કોઈ એકના જતા રહેવાથી જિંદગી અટકી નથી જતી તે રીતે પરિવારને પણ સમજાવેલ.આમ મહિલાને મોતના મુખમાંથી બચાવી પરિવારને સોંપતા તેના બાળકો અનાથ થતા બચી ગયા હતા અને દીકરીને પાછી આવેલી જોઈ તેના પરિવારે અભયમ ટીમનો આભાર માન્યો હતો.

# જિલ્લાના મેડીકલ સ્ટોર્સને નશાકારક આયુર્વેદિક સીરપથી સાવધાન રહેવા તાકીદ કરાઈ

## અજાણી બ્રાન્ડ, અજાણ્યા ડીસ્ટ્રીબ્યુટરથી પાકુ બીલ હોય તો પણ ખરીદી ન કરવા જણાવ્યું

બાયડ, તા. ૯

સૌરાષ્ટ્રમાં નશાકારક આયુર્વેદિક સીરપનો જથ્થો મળી આવ્યા પછી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા કેમીસ્ટ એસોસીએશને પણ તમામ મેડીકલ સ્ટોર્સ સંચાલકોને નશાકારક આયુર્વેદિક સીરપથી સાવધાન રહે અને અજાણ્યા ડીસ્ટ્રીબ્યુટર પાસેથી પાકુ બીલ હોય તો પણ ખરીદી ન કરવા જણાવ્યું છે. અન્યથા કાયદાકીય ચુંગાલમાં ફસાઈ જવાની નોબત આવી શકે છે.પ્રાપ્ત જાણકારી અનુસાર છેલ્લા કેટલાક સમયથી રાજયના કેટલાક વિસ્તારોમાં નશાકારક આયુર્વેદિક સીરપનું વેચાણ થતું હતું. જેથી સમગ્ર પ્રકરણમાં એજન્સીઓ તપાસમાં સામેલ થયા પછી મોટા પ્રમાણમાં નશાકારક આયુર્વેદિક સીરપનો જથ્થો સૌરાષ્ટ્રમાંથી મળી આવ્યો છે ત્યારે આવો જથ્થો સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ પગ ન કરી જાય અને કેમીસ્ટો અજાણે કોઈ કાયદાકીય ચુંગાલમાં ન ફસાઈ જાય તે માટે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા કેમીસ્ટ એસોસીએશન દ્વારા તમામ સભ્યોને નશાકારક આયુર્વેદિક સીરપની તપાસ સમગ્ર રાજયમાં ચાલી રહી છે અને પોલીસ કાર્યવાહી શરુ થઈ છે ત્યારે અજાણી બ્રાન્ડના અને અજાણ્યા ડિસ્ટ્રીબ્યુટરથી આયુર્વેદિક સીરપ ખરીદી વેચાણ નહીં કરવું તેવી સ્પષ્ટ તાકીદ કરી દેવામાં આવી છે.



# ડીસામાં ૮ મહિલાઓ સહિત ૧૭ જુગારીઓ ઝડપાયા

પાલનપુર તા.૯

ડીસામાં આઠ મહિલાઓ સહિત ૧૭ જણાંને પોલીસે જુગાર રમતાં ઝડપી લીધા હતા. જેમની પાસેથી રૂપિયા ૨.૭૭ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ડીસા દક્ષિણ પોલીસની ટીમે સુંદરમ બંગ્લોજના મકાન નં. એફ- ૩માં ઓચિંતો છાપો માર્યો હતો. જયાં જુગાર રમતી સુંદરમ સોસાયટીની કવિતાબેન ભગવાનદાસ ઉર્ફે ભગાભાઈ જમનાદાસ ઠક્કર, નહેરૂનગર ટેકરા વિસ્તારની લાજવંતીબેન વાસુભાઈ ખત્રી, સાંઈનાથ સોસાયટીની ભગવતીબેન ચંદુભાઈ સિંધી, રબારીવાસની લીલાબેન કિશનભાઈ સિંધી, સાર્થક બંગ્લોજની શારદાબેન મહેશ્વરી, સિંધી કોલોનીની આશાબેન મુકેશભાઈ વજીર,વંદના બંગ્લોઝની સુશીલાબેન પીતામ્બરભાઈ સિંધી અને વિરેનપાર્કની કવિતાબેન શોભરાજભાઈ સિંધીને ઝડપી લીધી હતી. જેમની પાસેથી રૂપિયા ૨૨,૯૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. રાણપુર ઉગમણાવાસમાંથી ૯ જુગારી ઝડપાયા, ૧ ફરાર ડીસા તાલુકા પોલીસની ટીમે રાણપુર ઉગમણાવાસમાં જુગાર રમતાં ડીસા મોઢેશ્વરી સોસાયટીનો શાંતિ મશરૂભાઈ, મોટી ઢાંણી માલગઢનો અનીલભાઈ કેસાજી માળી, જુની ભીલડીનો અતુલભાઈ મણીલાલ ડાભી, ડીસાનો નવીનભાઈ પ્રભુદાસ ઠક્કર, વર્ધમાન સોસાયટીનો નિર્મળભાઈ જશવંતભાઈ રાઠોડ, ગાયત્રીનગરનો પ્રકાશ શંકરલાલ ઠક્કર, છત્રાલાનો ચમનભાઈ ઈશ્વરભાઈ નાયી, માલગઢનો વિરેશ પ્રહલાદભાઈ પઢિયાર, અને મોટી ઢાણી માલગઢનો રસીક અશોકભાઈ સોલંકીને ઝડપી લીધો હતો. જ્યારે રાણપુરનો દિનેશભાઈ કાળુભાઈ ઓગોડ નાસી ગયો હતો. પોલીસે કુલ રૂપિયા ૮૦,૮૨૦ રોકડા, તેમજ મોબાઈલ અને બાઈક મળી કુલ રૂપિયા ૨,૫૫,૦૦૦નો મુદ્દમાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



તલોદ શહેર મહિલા મોરચા દ્વારા શહેરની ભરત ગુંથણ કરતી બહેનોના સન્માન માટેનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં સાબરકાંઠા જિલ્લા મહામંત્રી લીનાબેન વ્યાસ, મહિલા બાળ વિકાસના ચેરમેન રેખાબા ઝાલા તલોદ શહેર મહિલા મોરચાના પ્રમુખ રચનાબેન ગાંધી, મહામંત્રી સુશીલાબેન પરમાર, ઉપપ્રમુખ વસુમતીબેન શાહ, કલ્પનાબેન ભાવસાર, તથા પૂર્વ ટાઉન પ્લાનિંગ ચેરમેન દીપાબેન કુવાડીયા, પૂર્વ કોર્પોરેટર કલ્પનાબેન શાહ, તથા પુષ્પાબેન હાજર હતા. હાથ વણાટ કરતી બહેનોને ફુલછડી, સુતરની આંટી તથા પુસ્તક ભેટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

# જિલ્લામાં જી.ઈ.બી.ના ટેકનિકલી ૧૦૦ થી વધુ કર્મચારીઓ આંખ રોગની ઝપેટમાં તેમ છતાં દિવસ-રાત ફોલ્ટ દૂર કરવાની કામગીરીની અનોખી સેવા

બાયડ, તા.૯

રાજયમાં આંખના રોગચાળાએ સર્વત્ર ભરડો લીધો છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉત્તર ગુજરાત વિજ કંપનીના ટેકનિકલી ૧૦૦ થી વધુ કર્મચારીઓ આંખ રોગની ઝપેટમાં આવ્યા છે છતાં દિવસ-રાત ફોલ્ટ દૂર કરવાની કામગીરી કરતાં પ્રજાએ તેની અનોખી નોંધ લીધી છે. મળતી જાણકારી અનુસાર વાવાઝોડા તેમજ કુદરતી અન્ય આપદા સમયે ઉત્તર ગુજરાત વિજ કંપનીની સેવાઓ સરાહનીય રહી છે. તાજેતરમાં બિપરોય વાવાઝોડું ત્રાટક્યું ત્યારે જિલ્લાના વિજ અધિકારીઓ અને કર્મચારીઓ અન્ય જિલ્લામાં કામગીરી કરી જિલ્લાને આગવી નામના અપાવી છે. જયારે છેલ્લા એક પખવાડીયાથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાઓમાં કાર્યરત ઉત્તર ગુજરાત વિજ કંપનીના ૩૨ સબસ્ટેશનમાં અધિકારીઓ સહિત ૮૦૦ કર્મચારીઓ ફરજ બજાવે છે. તાજેતરમાં વરસેલા વરસાદ પછી ભેજના કારણે અનેક વિસ્તારોમાં વિજ કરંટ લીક થવો, અન્ય વિજ ફોલ્ટ થવા સહિતની ફરિયાદોમાં તોતિંગ વધારો થયો છે ત્યારે બહાર આવેલી વિગતો અનુસાર ૧૦૦ થી વધુ કર્મચારીઓ આંખ રોગની ઝપેટમાં આવ્યા છે અને છતાં પણ પોતાના તાબાના સબસ્ટેશનમાં વિજ સમસ્યાની કોઈ ફરિયાદ મળે તો ગણતરીની મીનીટોમાં તેનો નિકાલ કરી રહ્યા છે. વિજ તંત્રની સારી કામગીરીની જવલ્લે જ નોંધ લેવાતી હોય છે. સામાન્ય વિજ પુરવઠો ખોરવાય તો તંત્ર ઉપર ઉકળી ઉઠનારા લોકોની સંખ્યા વધુ હોય છે પરંતુ આંખ રોગ જેવી બિમારીમાં પણ પોતાના જીવની પરવા કર્યા વગર વિજ ફોલ્ટ દૂર કરતા કર્મચારીઓની મોટાભાગના વિસ્તારોની પ્રજાએ નોંધ લીધાનું જાણવા મળ્યું છે.

**કેટલા કર્મચારીઓને આંખો આવી તે જાણકારી નથી**

ઉત્તર ગુજરાત વિજ કંપનીના સાબરકાંઠા સર્કલનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે જિલ્લાના ૩૨ સબ સ્ટેશનમાં ૮૦૦ જેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે. પરંતુ કેટલા કર્મચારીઓને આંખો આવી છે તેની જાણકારી નથી અને વિજ ફોલ્ટ હોય તો તે દૂર ન થાય તો પ્રજાની ધીરજ ખૂટી જાય છે આ સંજોગોમાં આંખ આવી હોય તેવા કર્મચારીઓ પણ પોતાની કામગીરી નિષ્ઠાથી બજાવી રહ્યા છે.

**જનરલ પ્રેક્ટિસ કરનારા તબીબો પણ આંખ રોગની ઝપેટમાં**

જિલ્લામાં કન્ટેકટીવીટી વાઈરસ વધુ બેકાબુ બન્યો છે. આંખના રોગીઓની સંખ્યામાં સતત થઈ રહેલા વધારા પછી ગ્રામ્ય વિસ્તારોમાં જનરલ પ્રેક્ટિસ કરનારા અનેક તબીબો પણ આંખ રોગની ઝપેટમાં આવી ગયા છે. વાયરલ બિમારીઓ સામે સારવાર કરવામાં દર્દીના સીધા સંપર્કમાં આવનારા તબીબોને પણ હવે આંખે ગોગલ્સ પહેરવાની ફરજ પડી છે.

# પ્રાંતિજ રાવલ સમાજનું ગૌરવ

પ્રાતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા રાવલ પદમાબેન નૈલેષ કુમાર કે જેવો હાલ પ્રાંતિજ ખાતે ભાજપ મહિલા મોરચામા ઉપપ્રમુખ છે અને તેવોને સી.આઈ.ડી ક્રાઈમ અને રેલ્વેઝ (મિસીંગ સેલ) ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફથી સાબરકાંઠા જિલ્લામાં મહિલા અને બાળમિત્ર તરીકે નિમણુંક કરવામા આવતા પરિવાર, કુંટુંબ સહિત રાવલ સમાજ તથા પ્રાંતિજનુ ગૌરવ વધાર્યુ છે.



તલોદના તાજપુર કેમ્પના વતની સુકેતુ ચૌધરીની nsuiમાં સાબરકાંઠા ના પ્રમુખ તરીકે નિમણુક કરવામાં આવી. એન એસ યું આઈના રાષ્ટ્રીય અધ્યક્ષ નીરજ કુંદન અને ગુજરાત એન એસ યુ આઈના પ્રમુખ નરેન્દ્ર સોલંકીના સૂચનાથી તલોદ ના સુકેતુ ચૌધરી ને હ જ માં સાબરકાંઠા જિલ્લા ના પ્રમુખ તરીકે નિમણુક કરવામાં આવતા તલોદ અને પ્રાંતિજ પંથક માં ખુશીનો માહોલ સર્જાયો હતો અને સૌ કોઈ એ મોબાઈલ વોટ્સઅપ અને ફેસબુક અને રૂબરૂ મુલાકાત કરી ને અભિનંદન પાઠવ્યા હતા.




# તલોદ પોલીસના સ્ટાફમાં આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરને ઈ-કોપ એવોર્ડ પ્રમાણપત્ર અર્પણ



તલોદ પોલીસ મથક ખાતે ડી સ્ટાફમાં આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા જયપાલ સિંહ રહેવરનું શ્રેષ્ઠ કામગીરી બદલ રાજ્ય પોલીસવડા વિકાસ સહાય દ્વારા ઈ કોપ એવોર્ડ પ્રમાણપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું અત્રે નોંધનીય છે કે જયપાલ સિંહ રહેવર દ્વારા ટેકનિકલ સરવેલાન્સ અને પોકેટ પોપ ની મદદ થી સંખ્યાબંધ ગુના શોધી કાઢી ગુનેગારો ને જેલ હવાલે કરનાર રહેવર ની કામગીરી થી પ્રભાવિત થઈ રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું

# ડીસા ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ કથાનું આયોજન...




ડીસા, તા.૯

ડીસા ખાતે વાડી રોડ પર આવેલ મુક્તિધામ તીર્થ ખાતે શ્રી રામ દ્વારા સત્સંગ મંડળ વાડી રોડ ખાતે આવેલ સંત શ્રી રમતા રામ મહારાજના આદેશથી અધિક પુરુષોત્તમ માસના પવિત્ર મહિનામાં શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ કથાનું તારીખ.૧૦/૦૮/૨૦૨૩ ને ગુરૂવારથી તા. ૧૦/૬/૦૮/૨૦૨૩ બુધવાર સુધી બપોરે :- ૩ થી ૬ વાગ્યા સુધી કથાનું સુંદર આયોજન કરવામાં આવેલ છે. કથા નાં મુખ્ય વક્તા શ્રી સંતશ્રી સેવારામજી મહારાજ (મેડતાવાળા) રામદ્રારા રાજસ્થાન તેમની સંતવાણી થી ધર્મપ્રેમી જનતાને કથાનું રસપાન કરાવશે તો દરેક ધર્મપ્રેમી જનતાને આ ભાગવત જ્ઞાનયજ્ઞ કથા નો લાભ લેવા ડીસાનાં રામદ્રારા સત્સંગ મંડળ (સોનીબજાર વાળાએ) અનુરોધ કર્યો છે તેમજ ભાગવતજી ની પોથીયાત્રા તા. ૧૦/૦૮/૨૦૨૩ ને ગુરુવારે બપોરે :- ૨:૦૦/- વાગે વાડીરોડ ખાતે આવેલ રામદ્રારા થી પોથી? શોભાયાત્રા નીકળી ને શહેર ના મુખ્ય માર્ગો ઉપર ફરીને મુક્તિધામ તીર્થ સ્થળ પહોંચશે તો દરેક ધર્મપ્રેમી જનતા સમયસર આવી ધાર્મિક પ્રસંગે નો લાભ લેવા અનુરોધ છે.

# ભિલોડા તાલુકામાં વિશ્વ આદિવાસી દિન નિમિત્તે ધામધૂમપૂર્વક ઉલ્લાસભેર ઉજવણી અને રેલી યોજાઈ




ભિલોડા,તા.૯

સાબરકાંઠા - અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા - મેઘરજ તાલુકામાં વિશ્વ આદિવાસી દિન નિમિત્તે ધામધૂમ પૂર્વક ઉલ્લાસભેર ઉજવણી અને રેલીનો કાર્યક્રમ યોજાયો હતો.રેલીમાં હજ્જારો લોકો સ્વયંભુ રીતે જોડાયા હતા.જય જોહાર, જય આદિવાસી, આદિવાસી એકતા જીંદાબાદ ના ગગનભેદી નારાઓ ગુંજતા હતા.ભિલોડા - શામળાજી - ઈડર ધોરીમાર્ગ પર ટ્રાફિક ચક્કાજામ થઈ ગયો હતો. ડી.જે. ના તાલે આનંદ ઉલ્લાસભેર રેલીનો કાર્યક્રમ યોજાયો હતો.વિશ્વ આદિવાસી દિનની ઉજવણી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ઠેર-ઠેર ગોઠવાયો હતો. વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે આદિવાસી સમાજના વર્ષો જુના પડતર પ્રશ્નો અને માંગણીઓ સત્વરે નિરાકરણ લાવવા બાબતે લેખિત પત્રમાં જણાવ્યું કે, આદિવાસી સમાજના રાજકીય અને સામાજીક સંગઠનોના પ્રતિનિધિઓએ અવાર - નવાર રજૂઆત કરી છે પરંતુ અત્રે ઉલ્લેખનિય છે કે, કોઈ પણ પ્રકાર નું નિરાકરણ આવતું નથી, આપની ડબલ એન્જીનની ભાજપ સરકાર આદિવાસી સમાજના સર્વાંગી વિકાસની વાત કરે છે.આદિવાસી સમાજ નું સાચા અર્થે હિત ઈચ્છતા હોય તો નીચે મુજબના પ્રશ્નોનું સત્વરે નિરાકરણ આવે તેવી સમગ્ર ગુજરાત રાજ્યના આદિવાસી સમાજની બુલંદ માંગ ઉઠવી છે.